DIVYA GUJARAT

Date: 17 February 2010
Edition: Ahmedabad
Page: 03

# યુએફઓ મુવિઝ ડિએલએફ આઇપીએલ ૨૦૧૦ મેચનું જીવંત પ્રસારણ થિયેટરમાં બતાવશે.




વિશ્વનું સૌથી વિશાળ ડિજિટલ સેટેલાઇટ સિનેમા નેટવર્ક અને વેલ્યુએબલ ગ્રુપની કંપની યુએફઓ મુવિઝ ક્રિકેટ મેચ જોવાની અને માણવાની નવીનમંચ પ્રસ્તુત કરે છે. હવે ભારતમાં ક્રિકેટ જોવાના મનોરંજન અનુભવની વૃધ્ધિ કરતા યુએફઓ મુવિઝ હવે ડિએલએફ આઇપીએલ ૨૦૧૦ મેચનું જીવંત પ્રસારણ ભારતભરના મલ્ટીપ્લેક્ષ અને સિનેમાઘરોમાં હાઇ ડેફિનેશન ફોર્મેટમાં જાહેરાતના વિરામ વગર બતાવશે. ભારતભરમાં આઇપીએલને ૧૦ વર્ષની અવધિ સુધી સિનેમાઘરો અને જાહેરસ્થળોએ આઇપીએલ મેચ દર્શાવવાના હક્ક મેળવનાર વેલ્યુએબલ જુથ કંપની ક્રાઉન ઇન્ટરટેઇનમેંટ પ્રા.લી. આ પ્રયાસ માટે ટેકનોલોજી પૂરી પાડશે. આઇપીએલ મેચને સિનેમાઘરોમાં જોવું એ ખુબ જ ભવ્ય પ્રદર્શન હશે. સ્ટેડિયમ જેવા જ રોમાંચિત વાતાવરણનો અનુભવ સિનેમાઘરોમાં મેચ જોવા જનાર દર્શકને થાય તેવી યોજના યુએફઓએ બનાવી રહ્યું છે. આ અનોખો મનોરંજક અનુભવ આપવા અને આઇપીએલનો જાદુ જીવંત રાખવા માટે યુએફઓ દેશભરના પસંદગી કરેલ સિનેમાઘરોમાં સ્ટેડિયમ અને કાર્નિવલ ક્ષમેળાણ જેવા વાતાવરણનું નિર્માણ કરશે. આ સિનેમાઘરોમાં ક્રિકેટ મર્ચન્ડાઇઝડ ક્ષક્રિકેટ સંબંધી વિવિધ વસ્તુઓણ, રોમાંચિત કરતી ભેટ, વિવિધ વ્યંજનો પીરસતા ફૂડ સ્ટોલ હશે. વધુમાં આ રોમાંચમાં વૃધ્ધિ કરવા માટે કેટલાય સિનેમાઘરોમાં ચીઅર લીડર્સ અને લાઇવ બેન્ડ હશે જે સાચે જ જીવંત મેચ રમાતી હોય તેવા સ્ટેડિયયમના જેવું વાતાવરણ સર્જશે.